





મહત્ત્વ રહ્યું નથી, મત-વિસ્તાર-ખોટા કરી નાખો!
ને વસતિ પ્રમાણે 'જ્ઞાતિવાદ' કોટા કરી નાખો?
પીંખી નાખો પાંખો લોકશાહીની પીસી-પીસી ટોટો -
વિદાનસભામાં, જ્ઞાતિ-ધર્મના ઓટા કરી નાખો!

ભોંકે ખંજર,
- લોકશાહીની પીઠે,
જ્ઞાતિવાદનું..

'પ્રાદેસિકતા'
- એ, ભાગ્યાં રાજ્યો અને
રાષ્ટ્રીય હૃદય..

(સંકુચિત સત્તાલાલસાના પરિણામ)




## ચિંતન

**આરોગ્યં પરમો લાભઃ સંતોષઃ પરમં ધનમ્ ।**
**વિશ્વાસઃ પરમં મિત્રં રાષ્ટ્રસેવા પરં સુખમ્ ॥**

'આજના બનાવટી યુગમાં, 'આરોગ્ય' સારૂં હોવું એ મોટો 'લાભ' છે એમ કહી શકાય - અને ધન-સમૃધ્ધિ કોને કહેવાય? સંતોષ એ જ મોટું ધન છે.' 'વિશ્વાસ' મૂકી શકાય એવા સાથી-મિત્ર-સેવક મળે એને જ સાચાં મિત્ર કહેવાય. અને રાષ્ટ્ર સેવા થઇ શકે એવો નોકરી-ધંધો-વાતાવરણ મળે એ જ મોટું સુખ કહેવાય.'

આજના બનાવટી કાળમાં દૂધ-ઘી-મસાલા-લોટ-સિમેન્ટ-દવાઓ-શ્વાસ-હવા (AC) બધું જ કૃત્રિમ છે એ વાતાવરણમાં પણ તમે 'આરોગ્ય' સાચવી શકો એ મોટો 'લાભ' જ મળ્યો કહી શકાય.

લાવ-લાવ-કૌભાંડ-ખાયકી-તપાસ-જેલના જમાનામાં સાચી પરિશ્રમની આવકમાં જ 'સંતોષ' રાખનાર સાચો ધનિક છે. આજે દગો-વિશ્વાસઘાત-છેતરપીંડી કરનારા આપણી આસપાસ જ રહે છે એવાને ઓળખી શકાતા નથી. કોઇ વિશ્વાસુ મળે તો એ જ સાચો મિત્ર કહેવાય.

કોઇ ધંધામાં સત્ય-નિષ્ઠા-મૂલ્યો સચવાતાં નથી, જેનાથી રાષ્ટ્રની-પ્રજાની સેવા થઇ શકે એવું કાર્ય મળે તો એ પરમ સુખ કહેવાય.

## સુવિચાર

- કીર્તિની તરસ એ એક એવી તરસ છે જે ક્યારેય છિપાતી નથી **- પ્રેમચંદજી**
- જીવનની પવિત્રતા એ જ ધર્મનો પાયો છે, અને જીવ માત્ર પ્રત્યે પ્રેમ એ ધર્મની પરાકાષ્ઠા છે **- આનંદશંકર બા. ધ્રૂવ**
- નિરાશાવાદી ધનિક કરતાં આશાવાદી ગરીબ વધારે સુખી હોય છે- **હરિભાઉ ઉપાધ્યાય**
- પરિશ્રમ છે તો જીવન છે અને જીવન છે તો આનંદ છે **- ટોલ્સટોય**
- જયાં ક્ષમા નથી ત્યાં પ્રેમ માત્ર દંભ જ છે **- મહાદેવી વર્મા**
- સ્ત્રીને બાંધવાનું અને બંધાવાનું બંને ગમે છે **- રવીન્દ્રનાથ ટાગોર**
- જો પ્રેમ અને સહાનુભૂતિ હોય તો સહૃદયી એકમેકના મનની વાત, અભિવ્યક્તિ સિવાય પણ જાણી શકે છે **- શરદ બાબુ**

## બોધ કથા

આજના સાધુ-સંતો-મઠાધીશ-આશ્રમપતિઓ ઠાઠમાઠ-સુવર્ણ-ચાંદી સાથેની માળાઓ-મુદ્રિકાઓ અને ઉત્તમ પ્રકારના જરી-જરીયાન વાઘા પહેરી 'ઇશ્વર'થી પણ વધારે શોભાયમાન રહે છે. પોતાનો પ્રભાવ વધારવા તપ-સાધનાને બદલે બાહ્ય દંભ-દેખાડો બહુ કરે છે. સાધુ-સંતોને તો સાદગી જ ભલી. એ જનસમાજના આદર્શરૂપ દૃષ્ટાંત બની રહે તે જ યોગ્ય છે.

જૈન મુનિ આચાર્ય હેમચંદ્ર (સિધ્ધ હેમ) ને પાટણની આસપાસના કોઇ ગરીબ ખેડૂતે પોતે વણેલું જાડુ-ખબરચડું કાપડ, પ્રસાદ સ્વરૂપ અર્પણ કર્યું.

મુનિશ્રીએ એ પ્રેમથી સ્વીકાર્યું, એટલું જ નહીં એઓશ્રી તે વખતે રાજા કુમારપાળને મળવા વિહાર કરતા હતા, એટલે એ જ કપડું પહેરી પાટણના દરબારમાં ગયા. ઔપચારિક વિધિ પછી - રાજા કુમારપાળે, મુનિશ્રીને વિનયપૂર્વક અને અભિમાન ઓગાળી હાથ જોડી કહ્યું, મહારાજ સાહેબ, આપ આવું જાડું કપડું પહેરશો તો પ્રજા મને પૂછશે કે પાટણનો રાજવી એટલો ગરીબ થઇ ગયો છે કે મુનિ મહારાજશ્રીઓને આવાં જાડાં-ખરબચડાં કપડાં પહેરવાં પડે?

હેમચંદ્રાચાર્યશ્રીએ પણ સ્મિત સાથે કહ્યું, 'મહારાજ, આપની પ્રજાને સુંદર-કોમળ વસ્ત્રો પહેરાવવાની આપની ફરજ છે આપણી ગરીબ પ્રજા જયારે કપડે-લત્તે સુખી થશે ત્યારે જરૂર હું પણ કપડું ધારણ કરીશ.' મુનિશ્રી જે સંકેત આપવાં પધાર્યા હતા તે સાર્થક થયો.

# ચૂંટણી લડનાર વ્યક્તિ બહુ ઉત્સાહમાં હોય છે. તે પોતાની હાર બાબતે તો ક્યારેય વિચારતો જ નથી, ચૂંટણી લડ્યા પહેલાં હાર થવા બાબતે વિચારે એ ચૂંટણી ક્યાંથી લડી શકે

**નવાં ક્લેવર**
**- નટવર હેડાઉ**

મહારાજનું પ્રવચન ચાલું હતું. લોકો ખૂબ જ ભાવવિભોર થઈને સાંભળી રહ્યા હતા. મહારાજ ક્યારેક નરસિંહ તો ક્યારેક મીરાંનાં ભજન ગાઈને સંભળાવતા હતા. તો સાથે સાથે તેની સમજૂતી પણ કરતા હતા. હવે એ કબીરનું એક ભોજન વ્યાખ્યા સહિત સંભળાવી રહ્યા હતા. હાર્મોનિયમ તે ખુદ અને ઢોલક તેમનો પંદર વર્ષનો દીકરો વગાડતો હતો. તેમણે સૂર લંબાવ્યો.

યે સંસાર હાટ બનિપેકી, જબ જુગ સૌદે આયો,
ચતુર માલ ચૌગુનૌ હરગયા, મૂરખ મૂલ ગંવાયો,
ભજન બિના બાવરે...

તો ભક્તજનો આ દુનિયા! આ સંસાર એક બજાર છે. સૌ કોઈ તેના ગ્રાહક છે. બજારમાં જેમ ગ્રાહક આવે છે, માલ પસંદ કરે છે અને દામ ચુકવી માલ ખરીદે છે એવી જ રીતે આ સંસારમાં જે કોઈ આવે છે તે સોદાબાજી કરે છે. આ બજારમાં એ જ સોદો કરનાર કે વેપારી સફળ થાય છે જે પોતાના માલના ચાર ગણા કરે છે. મૂર્ખ વ્યક્તિ તો ગાંઠના ગોપીચંદ ગુમાવીને જાય છે. આ મૂડી એ ધન-દૌલતની મૂડી નથી. ધન-દૌલત બધી અહીંને અહીં રહી જવાનું છે. તમારી સાથે જો કંઈ આવશે તો એ તમારાં સારાં કે ખરાબ કર્મોની મૂડી. તેથી જ કહ્યું છે કે -

કોડી કોડી માયા જોડી, મૂર્ખ કહે ધન મેરા,
ના યહ તેરા ના યહ મેરા, ચીડિયા રૈન બસેરા,

તમારૂં કમાયેલું ધન તો અહીં જ રહી જવાનું, માણસ પૈસા માટે કેટલી 'હાય... હાય...' કરીને મરે છે. પણ પૈસો શું છે? ફક્ત હાથને મેલ છે. લોભીયાનું ધન શું કામનું? હાથથી કરેલું દાન મનુષ્યને આગલા જન્મમાં કામ આવે છે. અને તે હજારક ગણું થઈને પાછું મળે છે. માણસ જે કંઈ દાન-પુણ્ય કરે છે તે જ કામ આવે છે બાકી બધું એમનું એમ રહી જાય છે. તમે જે દાન પૂણ્ય કર્યા હશે તે આડે આવશે તેમ કબીરે કહ્યું કે -

ચિડી ચોંચ ભર લે ગઈ, નદી ન ઘટિયો નીર,
દાન દીયે ધન ના ઘટે, કહ ગયે દાસ કબીર,

રાજા હરિશ્ચંદ્રએ પોતાનું રાજઘાટ, દધિચી એ શરીર અને શિબિ રાજાએ પોતાના અંગો કાપીને માંસ દાનમાં દઈ દીધું. ભગવાન કોઈનું કંઈ રાખતો નથી. તે પોતાના હજારો હાથો વડે તે પાછું આપી દે છે. તેથી માનવે છૂટાહાથે દાન કરવું જોઈએ. શાસ્ત્રોમાં પણ જ્ઞાન, ભક્તિ અને તપ કરતાં દાનનો મહિમા અધિક કહ્યો છે. એક ગૃહસ્થ માટે જ્ઞાન, ભક્તિ કે તપ એ ત્રણે ખુબ મુશ્કેલ માર્ગ છે. પરંતુ પોતાના પરસેવાથી કરેલી કમાણીમાંથી દાન કરીને એ ત્રણેમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત થઈ શકે છે. મહારાજ ખુબ જ સરસ રીતે દાનનો મહિમા વર્ણન કરીને સમજાવી લોકોને લાગણીના પ્રવાહમાં ખેંચી રહ્યા હતા. પ્રવચન દરમિયાન એ શ્રોતાઓની હરકતો અને હાવભાવો પર પણ નજર ફેરવતા હતા. તેમનું પ્રવચન ચાલુ હતું. 'ભક્તજનો દાન પણ સુપાત્રને કરવું જોઈએ.' ગમે તેને નહી. શાસ્ત્રોમાં સુપાત્રને કરવામાં આવેલા દાનનું મહાત્મય પણ ઘણું છે એમ કહ્યું છે. શાસ્ત્રોમાં કહેવાયું છે કે -

'મહારાજ આ શાસ્ત્રો પણ તમારા જેવાંઓએ જ લખ્યાં છે ને!' એક શ્રોતાએ તેમની વાત કાપતાં તેમની મજાક કરી.

આવા લોકો તો મહારાજને રોજ મળતા. તે હસીને ખુબ જ વિનમ્રતા પૂર્વક જવાબ દેતા. જેથી લોકો તેમને વિદ્વાન અને ધૈર્યશીલ માનતા હતા. શ્રોતાની વાત સાંભળીને મહારાજ પોતાના બંને હાથે બંને કાન પકડતાં બોલ્યા. રામ! રામ! રામ! ભાઈ જરાક સારૂં બોલતા જાવ. હું તો એક પાપી જીવ છું. હું કયાંથી કોઈ શાસ્ત્રો લખી શકું? કોઈ પૂર્વજન્મમાં સારાં કર્મો કર્યા હશે તેથી બ્રાહ્મણના ઘેર જન્મ મળ્યો. હું તો તમને રામ નામનું મહાત્મ્ય કહું છું. વેદશાસ્ત્ર તો બ્રહ્માજીના મુખે ઉત્પન્ન થયાં છે. વડીલ હું તો તમારી જેવાં દાનવીરો આપે તેનાથી ગુજરાન ચલાવું છું. અને ભગવાનની સેવા-પૂજા કરૂં છું.' મહારાજની વાતનો તુરંત પ્રભાવ પડ્યો, ત્રણ ચાર સ્ત્રીઓ ઊભી થઈ આગળ આવી. અને મહારાજના ચરણ સ્પર્શ કરી કોઈએ દશની તો કોઈએ વીસની નોટ મુકી. મહારાજ મનમાં ને મનમાં બહુ ખુશ થતા હતા.

શિવરામ મહારાજ માટે પોતાની બ્રાહ્મણ જ્ઞાતિ ઢાલ છે તો શાસ્ત્રો તલવાર છે. તે શિક્ષિત ઓછા પણ દિક્ષિત બહુ છે. રામાયણ, મહાભારત અને શ્રીમદ્ ભાગવતને તે વેદશાસ્ત્ર કહે છે. અને અનુકૂળતા અનુસાર તેનાં ઉદાહરણો આપી પ્રશ્નો પુછનારને શાંત કરે છે. જન્મ, મૃત્યુ, અમીરી-ગરીબીને તે માનવનું ભાગ્ય કહે છે. તથા કર્મકાંડને તેઓ વૈદિક કર્મ કહીને તે કરવા માટે પ્રેરિત કરે છે. એવું ન કરે તેમને એ 'પાપી' અને 'કળયુગની અસરમાં આવી ગેયલા લોકો' તરીકે ઓળખાવે છે. એનાથી જ એમની રોજી-રોટી ચાલે છે.

શિવરામ મહારાજે પ્રભુપુરા ગામમાં મંગળભાઈ પટેલ જે સરપંચ છે તેનાં ઘરની આગળના ચોગાનમાં ચબુતરાની બાજુમાં પોતાનું આસન જમાવ્યું છે. તેઓ અહીં જ બેસીને પ્રવચન આપે છે. સરપંચ મંગળભાઈ દરવર્ષે શ્રાવણ મહિનો શરૂ થતાં શિવરામ મહારાજને ગામમાં બોલાવી લે છે. મહારાજ અહીંથી પંદર-સોળ કિ.મી. દૂર શહેરમાં એક સોસાયટીમાં રહે છે. તેમને બે દીકરા અને એક દીકરી છે. મોટા દીકરાએ આ વર્ષે જ એમ.બી.એ.ની પરીક્ષા આપી છે. તેમનો બીજો દીકરો મોટે ભાગે તેમની સાથે જ રહે છે. અને ઢોલક વગાડે છે. તેણે પણ આ વર્ષે જ બારમાની પરીક્ષા પાસ કરી છે. દીકરી સાતમા ધોરણમાં ભણે છે. શિવરામ મહારાજ પ્રવચનની સાથે સાથે જ્યોતિષનો ધંધો પણ કરી લે છે. કોઈ જાપ કે નાની મોટી વિધિ દ્વારા યશમાનને કષ્ટ મુક્તિનો ઉપાય પણ બતાવે છે. રામચરિત માનસની 'રામ-શ્લાકા = પ્રશ્નાવલિ' પર યજમાની આંગળી મુકાવીને શુભ-અશુભ કહે છે. રોજ રોજ નવા નવા લોકોના સંપર્કમાં આવવાને કારણે તે મનોવિજ્ઞાનના અચ્છા જાણકાર થઈ ગયા છે. એક વાત એવી પણ છે કે, સીધા-સાદા અને દુઃખી લોકો મહારાજ સમક્ષ આવી પોતાનું હૈયું ખોલે છે. મહારાજ તેમને સાંત્વના આપી ગોળ ગોળ વાતો કરી ખુશ કરી દે છે. તેથી તેમનાં ઘેર પરિચિત અને અપરિચિત લોકોની આવનજાવન રહે છે. આ રીતે તેમના જીવનનું ગાડું ગબડ્યા કરે છે.

શહેરની ચારેબાજુ પંદર વીસ ગામોમાં શિવરામ મહારાજના યજમાનો રહે છે. કથા-પૂજાપાઠ એ તેમનો વારસાગત ધંધો છએ. વર્ષમાં બે પાર પાક તૈયાર થઈ જાય ત્યારે મહારાજ પોતાના યજમાનોનાં ઘેર જાય છે. તે વખતે યજમાનો પોતાની શ્રધ્ધા અનુસાર જે કંઈ આપે તે મહારાજ ખુશ થઈ ગ્રહણ કરે છે. નામકરણ કે મહૂર્ત જોઈ આપવામાં તેમને સારી આવક થાય છે. કયારેક ભલે દુષ્કાળની પરિસ્થિતિ હોય તો પણ લગ્ન, મહુર્તો અને નામકરણ જેવાં કામો અટકતાં નથી. તેના ફળ સ્વરૂપે મહારાજનું કામ ચાલતું રહે છે. હાં, વરસ સારૂં હોય તો યજમાનો છૂટે હાથે આપે છે. તો તંગીમાં હાથ જરા ઓછો લંબાય છે. પણ રામ રાખે તેમ રહીએ.' એમ કહીને શિવરામ મહારાજ પોતાનું ગુજરાત સારી રીતે ચલાવે છે.

ગઈ ચૂંટણી પહેલાંની વાત છે. સીઝનનું અનાજ ખળામાં આવી ગયું હતું. શિવરામ મહારાજ પ્રભુપુરા ગામમાં પોતાના યજમાનોને ત્યાં આવેલા હતા. તે જે ગામડે જાય ત્યાં બે-ત્રણ દિવસ રોકાતા. કથા-સત્સંગ કરતા અનેસાથે પોતાના યજમાનો પાસેથી અનાજ, પૈસા, કપડાં વિગેરે ભેલું કરી લેતાં. પટેલ મંગળભાઈ આ વખતે સરપંચની ચૂંટણી લડવાનું વિચારતાં હતા. તેમણે મહારાજને જન્માક્ષર જોઈ ભવિષ્ય બતાવવા કહ્યું. મહારાજે પટેલનું વર્ચસ્વ, વહેવાર અને થોડી બીજી વાતોને ધ્યાનમાં લઈ અનુમાન કર્યું અને થોડી ગોળ ગોળ વાતો કરી. પટેલ તેમની વાતોનો એવો અર્થ કાઢવો કે તે ચૂંટમી જીતી જશે. પટેલ ચૂંટણી લડ્યા અને જીતી ગયા. હવે તો શિવરામ મહારાજ પાકા જ્યોતિષી બની ગયા. કદાચ પટેલ ચૂંટણી હારી જાત તો પણ મહારાજ પોતાના જ્યોતિષનો બચાવ કરી શકે તેમ હતાં.

ચૂંટણી લડનાર વ્યક્તિ બહુ ઉત્સાહમાં હોય છે. તે પોતાની હાર બાબતે તો કયારેય વિચારતો જ નથી. ચૂંટણી લડ્યા પહેલાં હાર થવા બાબતે વિચારે એ ચૂંટણી કયાંથી લડી શકે. ચૂંટણીમાં વિજયી થયા પછી મંગળભાઈ પટેલે શિવરામ મહારાજને ખુબ દાન-દક્ષિણા આપી. અને બીજા પાસે પણ અપાવી. લોકો હવે ચૂંટણી પહેલાં તેમની પાસે પોતાની હાર થશે કે જીત તે બાબતે પૂછવા આવતા હતા. તે સામે વાળાની મનઃસ્થિતિ જોઈને એવો જવાબ આપતા કે જેનો અર્થ પોતપોતાની રીતે નીકળી શકે. કોઈની ઉપર રાહુ-કેતુની વક્ર દૃષ્ટિ બતાવીને આવી પડનાર આફત માટે સાવધાન કરતા. તે માટે જાપ કે વિધિ કરાવવાથી તેની દૃષ્ટિમાં ફેર પડશે તો ચૂંટણી ચોક્કસ જીતી શકાશે તેમ સમજાવતાં. આ રીતે એ કોઈને પણ એ વાતની ખબર પડવા દેતા નહીં કે ભવિષ્ય બાબતે તે પ્રશ્ન કરનાર કરતાં વધુ કંઈ જાણતા નથી. છતાં તેમનું જ્યોતિષ બરાબર ચાલવા લાગ્યું. હવે કોણ રોકી શકે. મંગળભાઈ પટેલ તો હવે તેમને દર વર્ષે શ્રાવણ મહિનામાં કથા કરવા બોલાવી લેતા હતા. જેનાથી તેમને રાજનૈતિક અને મહારાજને આર્થિક લાભ થતો હતો. ગાડીના બંને પૈડાં બરાબર હોય તો ગાડી બરાબર દોડે છે. આમ પણ આ વખતે પરિવર્તનનો પવન ફૂંકાયો છે તો તેનો લાભ કેમ ન લેવો. પટેલની સત્તા ભુખને કારણે શિવરામ મહારાજે પણ હવે શહેરમાં ત્રણ પ્લોટ ખરીદી લીધા છે.

શિવરામ મહારાજનો કંઠ મધુર છે. તે જયારે ગાઈને કથા સંભળાવે ત્યારે શ્રોતાગણ ભાવવિભોર થઈ જાય છે. અને તેનો લાભ કઈ રીતે લેવો તે જાણી ગયેલા મહારાજ તેમની ધાર્મિક ભાવનાને ઉત્તેજિત કરી દાન માટે પ્રેરિત કરે છે. અત્યારે એ ચાર હજાર ભેગા કરવાની વેતરણમાં હતા. તેમનો મોટો દીકરો ઉમિયાશંકર મોટી કંપનીઓમાં ઈન્ટરવ્યુ આપવા જવાનો છે. મુંબઈ, બેંગ્લોર, ચેન્નાઈ ગમે ત્યાં જવું પડે. તે માટે પૈસા તો જોઈએ. મહારાજને તેની વ્યવસ્થા કરવાની છે. જો આટલો ભણેલ ગણેલ વ્યક્તિ આ ધંધામાં આવી જાય તો પાસાં પોબારાં પડે તેમ છે. પૈસાની રેલમછેલ થઈ જાય. પણ આજની પેઢીને એ કોણ સમજાવે?

(અનુસંધાન પાના નં. ૬ પર)

# મતદાન : આળસ ખંખેરો, ઝંઝટ છોડો...!! સમયસર મત આપવા દોડો...!!

## મારા એક મતથી શૉ ફર્ક પડશે? સરદાર પટેલ એક મતથી ચૂંટલી જીતેલાં, અટલ બિહારી વાજપેયીની સરકાર અવિશ્વાસમાં એક મતથી ઊથલી પડેલી!!

**Hello ફ્રેન્ડસ!**
**- સંજય થોરાત**


મોટા ભાગનાં લોકો એવું માને છે કે મારાં એક મતથી શું ફેર પડવાનો છે? અકબર-બીરબલની અતિ પ્રસિધ્ધ વાર્તા આ મંતવ્ય સાથે એકદમ બંધબેસતી છે. અકબર રાજા એમનાં મહેલમો આવેલાં તળાવમાં એક લોટો દૂધ સૂર્યોદય પહેલાં નાંખવાનું ફરમાન કરે છે. પરંતુ બધાં એવું જ વિચારે છે કે હું એક લોટો પાણી નાંખીશ તો શું ફેર પડશે? અને સવારે જયારે તળાવકુંડમાં જઈને અકબર-બીરબર જુએ છે તો આખું તળાવ પાણીથી ભરેલું હોય છે, દરેકે એમ જ વિચારેલું કે મારાં એક લોટાથી શું ફેર પડશે!!

આ મતદાનનું પણ કંઈક આવું જ છે. બૉસ, એકવાત ખાસ નોંધવા જેવી છે કે આવો ગ્રેટ આઈડીયા પાછો ભણેલાં, ગણેલાં, વિદ્વાન, ચૂંટણીની ચર્ચાનાં ફડાકા મારતાં લોકોના દિમાગમાં જ આવે છે. એટલે કે મતદાનમાં ઉદાસીનતા શિક્ષિત લોકો જ વધુ દાખવે છે!! જો બધાં જ પેલાં અકબરનાં રાજય જેવો વિચાર કરશે તો મતદાન કોણ કરશે? જો આ લોકો મતદાન કરશે તો પરિણામ ફેરવી નાંખશે. આમ પણ મારો છેલ્લાં વર્ષોનો ચૂંટણી પરિણામોનો અભ્યાસ એવું જ કહે છે કે સત્તાધારી પક્ષ અને વિરોધ પક્ષો વચ્ચે દસ ટકાથી ઓછા મતનો જ ફેર હોય છે, અને લગભગ આટલાં લોકોની બેવકુફી (મતદાન નહીં કરવાની) ચિત્ર-વિચિત્ર પરિણામ અને ટીવી ચેનલો - અખબારોને મસાલો પુરાં પાડતાં ન્યૂઝ આપવા માટે કારણભૂત બની રહે છે!!

એક મતથી ઉથલપાથલ થયેલાં એક બે રસપ્રદ કિસ્સા એક મતથી શું ફર્ક પડશે? ની માનસિકતા બદલવા ઈન્જેંકશનનું કામ કરે એવાં છે. ૧૯૯૯માં પાર્લામેન્ટમાં અટલ બિહારી વાજપેયીની સરકાર માત્ર એક મતથી ઉથલી પડી હતી. તેમની સામે અવિશ્વાસનાં પ્રસ્તાવમાં ૨૭૦ મત પડ્યાં હતા. જયારે એ પ્રસ્તાવની સામે ૨૬૯ મત પડ્યા. આમ માત્ર એક મતથી આખે આખી સરકાર ઉથલી પડી તે આજદિન સુધી ફરી સત્તા પર આવી શકી નથી!! એટલે એક મતથી શું ફેર પડશે એમ માનવું અત્યંત મૂર્ખામી ભરેલું છે!! રાજસ્થાનનાં એક નેતા, નામ બહું યાદ નથી આવતું પણ તેઓ દિલ્હીમાં હતાં અને વૉટિંગ કરવાં આવી શક્યા નહોતાં અને તેઓ માત્ર એક મતથી હારી ગયેલાં!!

પ્રામાણિકતા અને સિધ્ધાંતને અનુસરીને અપાયેલો મત કયારેય હારતો નથી, અને હારજીત તો પછીની વાત છે. પરંતુ એક જાગૃત નાગરિક તરીકે આપણે જો આપણો મત જાહેર નહીં કરીએ તો પછી લોહી રેડીને મેળવેલી લોકશાહીનો મતલબ શું રહેશે? વધુમાં વધુ લોકોનો સહકાર જ લોકશાહીને સફળ બનાવે છે. સમાજમાં જેટલાં લોકો આનાથી અળગા રહે એટલી જ લોકશાહી નબળી. હાલમાં જ આરબ સ્પ્રીંગ નામે થયેલાં આંદોલનોમાં મધ્ય એશિયાનાં ડઝન જેટલાં દેશો આ લોકશાહી અને મતાધિકાર જેવો હક્ક મેળવવા રસ્તા પર આવી ગયાં હતા. જયારે આપણને તો આ વિરાસત મળેલી છે, તેનો ઉપયોગ કરવો એ આપણી નૈતિક ફરજ છે!!

પોતાના એક મતથી શૉ ફેર પડશે એમ વિચારનારા એ વાત નહીં જાણતાં હોય કે ગાંધીજીનાં જમણાં હાથ એવાં સરદાર પટેલ તેમની જિંદગીની પ્રથમ ચૂંટણી માત્ર એક મતથી જીત્યાં હતા. જો એ ચૂંટણી સરદાર જીત્યા ના હોત તો કદી જાહેર જીવનમાં આવતાં જ નહીં અને જો તેઓ જાહેર જીવનમાં ના આવતાં તો ભારત દેશનો રાજકીય ઈતિહાસ પણ કંઈક જુદો હોત... લો હવે બોલો મારા મતથી શૉ ફેર પડશે??



મતદાનની ટકાવારી વાંચો તો ખબર પડે કે દેશનાં અડધોઅડધ નાગરિકો એવાં છે જેમને મત આપવાની કાંઈ પડી નથી. હજારો વર્ષની વિવિધ પ્રકારની રાજયપ્રશાસન વ્યવસ્થાઓ પછી માણસ જાતે શોધી કાઢેલી અજાયબ વ્યવસ્થા એ લોકશાહી છે. આ એક આધુનિક શાસનપ્રણાલિકા છે. જે દેશમાં લોકશાહી હોય અને ૫૦ ટકા જેટલાં આળસુ નાગરિકો પોતાનો મતાધિકારનો ઉપયોગ કરતાં ના હોય તો તેઓ લોકશાહીને લાયક જ નથી. અને આવાં શિક્ષિત-સમજદાર-બેવકુફોની નાદાનિયતથી ચૂંટણીનાં પરિણામો ''ઈદમ્ તૃતિયમ્'' પ્રકારનાં જ આવતાં હોય છે!!

જનરલ લોકમત તમે સાંભળો તો જુદો હોય અને પરિણામ એનાથી જુદું જ હોય. એનું કારણ એ છે કે, જનરલ લોકમત આપવામાં પેલા મત આપવા નહિ ગયેલા આળસુ બેવકુફોની જમાત પણ ભળેલી હોય છે. અને મતદાનની ટકાવારી ઓછી હોય એટલે કોથળામાંથી નાની સાઈઝનું બિલાડું નીકળે છે. નાની સાઈઝ એટલે બહુ ઓછી લીડ... ગુજરાતનાં કેટલાંક વિસ્તારો છે જ એવાં લખણે પુરાં કે જયાં હંમેશાં લીડ બહુ પાતળી હોય છે, જીતને આનંદ ખરો પણ પરંતુ સાંકડી લીડને કારણે ઉમેદવાર બહુ ફાંકો રાખી શકે નહીં, અને હારેલાએ પોતે બહુ જંગી બહુમતીથી હાર્યા હોવાનો અફસોસ કરવાનો રહેતો નથી, પરંતુ હારેલાંને પુરાં પાંચ વરસ સુધી એક જ વિચાર આવ્યા કરે કે, અરે...રે...રે... સાવ આટલાં મતે હું હારી ગયો??

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૧૨મી ડિસેમ્બર**

- પોતાના પહેલાં પુસ્તકથી જ સર્વશ્રેષ્ઠ વાર્તાકાર તરીકે છવાઇ ગયેલાં ગૌરીશંકર ગોવર્ધનરામ જોષી (ધૂમકેતુ)નો જન્મ વીરપુરમાં ૧૨-૧૨-૧૮૯૨.
- 'તણખા મંડળ'નાં સર્જક. જિબ્રાન-ટાગોરની ભાષાશૈલીના સામર્થ્યનો તેમણે પોતાની શૈલીમાં પરિચય કરાવ્યો. ૧૯૬૫માં અવસાન થયું.
- મહાભારતની ચિકિત્સક આવૃત્તિ તૈયાર કરનારા ભીષ્મ પર્વ - શાંતિ પર્વના સંપાદક શ્રીપાદ બેલવલકરની જન્મજયંતિ. સંસ્કૃતના પ્રથમ પંક્તિના પંડિત, ઉત્તમ રામચરિત, ભગવદગીતા જેવા ઉમદા ગ્રંથોનું સંપાદન કરનારા, બેલવલકરનું અવસાન ૮-૧-૧૯૬૭માં થયું.
- ૧૯૪૨ - એબેલ ટાફ્મેને ન્યુઝીલેન્ડની શોધ કરી.
- ૧૯૧૫ - સંપૂર્ણપણે ધાતુનું વિમાન બનાવવામાં આવ્યું.
- ૧૯૨૫ - અમેરિકામાં પહેલી મોટેલ શરૂ થઇ.
- ૧૯૯૨ - ૩૫૦ ટનનું વજન ધરાવતી, ગ્રેનાઇટ પથ્થરમાંથી બનેલી ભગવાન બુધ્ધની પ્રતિભાનું હૈદરાબાદમાં હુસેન સાગર તળાવની પાસે સ્થાપન.
- ૧૯૪૮ - સુરેન્દ્રનાથ બેનરજીનો જન્મ.
- ૧૮૯૫ - વિશ્વ માટે નોબેલ પારતોષિકના યોજક ડાયનેમાઇટના શોધક આલ્ફ્રેડ બર્નહાર્ડનું અવસાન.

# તા : ૧૨/૧૨/૧૨ના રોજ ૧૨ (બાર) સંખ્યાને લગતી ૧૧૨ બાબતોનું અવલોકન

**પ્રસંગસર**
**- પી.એમ. પરમાર (દર્શન)**

આજે ૧૨મી તારીખ છે, ડિસેમ્બર એ આ વર્ષનો આખરી ૧૨મો મહિનો છે અને ઈસમી સન ૨૦૦૦-પછીનું બારણું વર્ષ એટલે કે ૨૦૧૨નું વર્ષ છે. એટલે આજની તારીખ આમ લખાશે : તા. ૧૨/૧૨/૧૨. આ ધ્યાને લેતાં આજે ૧૨ કલાકે, ૧૨ મિનિટે અને ૧૨ સેકંડે બીજા ત્રણ બાર મળી કુલ ૬ વખત એકી સાથે ૧૨નો અનોખો સંયોગ થશે. આ અદ્ભૂત તવારીખની સૌ રાહ જોતા હતા તે અદ્ભૂત સંયોગ માણવાનો આ દિવસ છે : બાર બાર યે દિન આયે!!

થોભી જાવ. શું તમને એ ખબર છે કે આવો સંયોગ હવે પછી તા. ૧૨/૧૨/૨૧૧૨ એટલે કે પૂરાં સો વર્ષ પછી આવશે? કાલ કોણે દીઠી છે ભઈ! ચાલો આજનો લ્હાવો આજે જ લૂંટીએ. ધર્મના કામમાં વળી ઢીલ શાની? હા... આ ૧૨ની તો ભઈ બધે જ બડી બોલબાલા છે. માન્યામાં નથી આવતું ને!! પણ અહીં આ બધું વાંચશો એટલે તમે પણ બાર વખત બોલી ઊઠશો : વાહ! વાહ! કયા બાત હૈ... બારની તો આખી બારાત છે... તમે પણ જોઈ શું રહ્યા છો? જોડાઈ જાવ ને!! જય ભગવાન!

ધર્મ અને આધ્યાત્મિક ક્ષેત્રથી શ્રી ગણેશાય નમઃ કરીએ. જગતના મુખ્ય ધર્મોની કુલ સંખ્યા બાર છે, સ્વયંભૂ જ્યોર્તિલિંગ બાર છે, બાર આદિત્ય છે, શિવપુરાણમાં સંહિતાની કુલ સંખ્યા બાર છે. મા જગતજનની આદ્યશક્તિનાં નાનાં-મોટાં બાર શક્તિપીઠો આપણા ગુજરાતમાં છે. બોલ મારી અંબે... જય જય અંબે - ની જોરદાર બુલંદ ધૂન બધા રાજમાર્ગો ઉપર બોલાતી હોય ત્યારે આંખો મીંચીને તમે કહી શકો કે આ ભાદરવા સુદ-૧૨થી રોજ અંબાજી જતા પગપાળા જતાં સંઘોની આસ્થાની અનોખી આલબેલ છે : જય અંબે.

ભક્તિની વાત નીકળી છે તો શ્રીમદ્ ભગવદ્ ગીતાનો એક આખો બારમો અધ્યા ભક્તિયોગ જ છે. ભક્ત અને ભગવાન બંને ખુશ. જયશ્રી કૃષ્ણ. જે ભક્ત એકી બેઠકે બાર હજાર પ્રણવ (ૐ)ના જપ કરે તો બાર જ મહિનામાં પ્રભુ સાક્ષાત્કાર થાય છે એવું શાસ્ત્રોક્ત કથન છે. મત્સ્ય અખંડ દ્યાદશી, જયા-પાર્વતી વ્રત અને મોળાક્ત વ્રત, વામન દ્યાદશી, દામોદર બારશ અને વાઘ બારશ જેવા અસંખ્ય પવિત્ર તહેવારો પણ બારશના દિવસે જ આવે છે. દરિયો ખેડનાર માછીમારો ભાદરવા સુદ-બારશના રોજ શાસ્ત્રોક્ત વિધિથી દરિયાની પૂજા કર્યા પછી જ હોડી હંકારવાની શરૂઆત કરે છે. જય દરિયા દેવ! અને હાં - રેંટિયા બારશને કેમ ભૂલાય? સત્યમેવ જયતે.

વાર, તિથિ, યોગ, નક્ષત્ર અને કરણ - આ પાંચ અંગે પંચાગ કહે છે. પંચાગની દૃષ્ટિએ ગણતરી કરીએ તો ત્યાં પણ બારની બોલબાલા છે. વાર - ને હિન્દીમાં બાર કહેવાય છે : બારમી તિથિ બારાશના તહેવારો તો આપણે જોઈ ગયા. યોગ વિશે જોઈએ તો રવિયોગ, રાજયોગ, કુમારયોગ, અમૃત સિધ્ધિયોગ, યમઘંટ યોગ, મૃત્યુયોગ, કાળયોગ, અને વૈદ્યુતિયોગ જેવા શુભ-અશુભ યોગોની સંક્યા પર બાર થાય છે. સત્તાવીશ નક્ષત્રોમાં ઉત્તરા ફાલ્ગુની જે ખૂબ જ શુભ ગણાય છે તેનો ક્રમાંક પણ બારણો જ છે : જેમાં બધાં કાર્યો સફળ જ થાય છે. જય હો!

હવે થોડા આગળ વધીએ. એક વરસના મહિના કેટલા? બાર. એક દિવસના કલાક કેટલા? બાર. એક રાત્રિના કલાક કેટલા? બાર. રાશિઓ કેટલી? જન્મકુંડળીમાં ભાવ-સ્થાન-ખાનાં કેટલાં? બાર. રાત્રિની હોરા કેટલી? બાર. હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી, આ ચારેયના એક વર્ષના મહિના કેટલા? બાર. એક ડઝન એટલે કેટલાં નંગ? બાર. વરસાદના પ્રકાર કેટલા? બારે મેઘ ખાંગા થયા એવું સાંભળ્યું છે એટલે એ પણ બાર. ૧૦ + ૨ બરાબર કેટલા? બાર. હવે ગણીને બતાવો કે અહીં મેં કુલ કેટલા પ્રશ્નો પૂછ્યા? એ પણ બાર. ગણીને બતાવો કે અહીં મેં કુલ કેટલા પ્રશ્નો પૂછ્યાં? તમે તો બહુ હોંશિયાર નીકળ્યા. અભિનંદન... અભિનંદન લગે રહો...!

આપણી માતૃભાષા ગુજરાતીમાં ''કક્કો-બારાખડી'' શબ્દ ખૂબ જ પ્રચલિત છે. બાળક જેવું નિશાળે બેસે કે બારાખડી બોલવાનું શરૂ. આ બારખડીનો સાચો ઉચ્ચાર ''બારાક્ષરી'' છે અર્થાત્ મુખ્ય સ્વરોની સંખ્યા બાર છે જેની સાથે વ્યંજન જોડો તેવો ઉચ્ચાર થાય. દા.ત.મ + આ = મા, જ + ઈ = જી. શિક્ષણની શરૂઆત જ બાર અક્ષરથી થાય છે. છે ને ગજબની વાત!! અને માણસના મૃત્યુ પછી બાર દિવસે ''બારમું'' કરવામાં આવે છે. એટલે આ બારની સંખ્યા તો જન્મથી મૃત્યુ સુધી આપણી સાથે જ રહે છે. અત્ર સર્વત્ર બાર ને બાર.

બાર (૧૨)ની વિશિષ્ટતાઓનો કોઈ પાર નથી. સંગીતની દુનિયામાં ડોકિયું કરીએ તો એક શાસ્ત્રીય રાગનું નામ બારામાસા છે. પુષ્પો તરફ નજર નાખીશું તો બારેય માસ થતું એક સુંદર ફૂલ બારમાસી કહેવાય છે; ગમે ત્યાં થાય, નાનું પણ ફાંકડું એ ફૂલ સૌને બારેય માસ આનંદમાં રહેવાનો સંદેશ આપે છે. પ્રાણીઓ વિશે જો તમે પૂછતા હો તો બારશિંગા હરણને જોવાનો પણ એક લ્હાવો છે!!

કાનૂન એટલે કાયદાના ક્ષેત્રમાં પણ બાર-ઍટ-લૉ અને બાર અસોશિયન ધ્યાન ખેંચે તેવા શબ્દો છે. દરેક દિવસે રાત્રીના બાર વાગ્યા પછી જગતભરમાં તારીખ બદલાઈ જાય છે. આખી દુનિયા જેની સામે નજર રાખી બધાં કામ સમયસર કરી શકે છે તે ઘડિયાળમાં પણ ૧ થી ૧૨ અંકો અંકિત કરેલા છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)